પાલનપુરના ૯૫ ગામ માટે હરિદ્વારથી ગૌ - ગ્રામ તીર્થ રથ થયો રવાના

પાલનપુર, તા. ૧૫

ગાયત્રી શક્તિપીઠ આબુ હાઈવેની બહુ આયામી યોજનાને મૂર્તિમંત આપવા અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના મુખ્ય મથક શાંતિકુંજથી ગૌ ગ્રામ તીર્થ રથ આજરોજ પાલનપુર માટે કાલીચરણ શર્મા જી તથા કેદાર પ્રસાદ દુબેએ રવાના કર્યો. આ રથમાં ગંગોત્રીનું પવિત્ર જળ, દેશભરના ૨૪ તીર્થોની રજ(માટી) ગાય માતાની પ્રતિમા, ગુરુ ચરણ હશે. આ રથ ૧૦૦૦ કિલોમીટરની યાત્રા કરી રાજસ્થાનના જયપુર થઈ ૧૫ એપ્રિલ સુધીમાં પાલનપુર આવી પહોંચશે. જે ૧૮, ૧૯ એપ્રિલના રોજ ગાયત્રી શક્તિપીઠના ૧૭માં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થશે. આ અગાઉ ગાયત્રી પરિવારના વડા ડોક્ટર પ્રણવ પંડ્યા તથા શૈલબાળા પંડ્યાજીએ પાલનપુરના પરિજનો દ્વારા થતાં કાર્યોની પ્રસંશા કરી હતી. શ્રી રામ ઉપવન બાદ કામધેનુ ગૌ શાળા માટે આશીર્વાદ અર્પણ કર્યા હતા. વિદાઈ વેળા કાલીચરણ શર્માએ કહ્યું કે આ પ્રકારનો આ અભિનવ પ્રયોગને નવી ઉર્જા ઉત્પન્ન કરશે. પાલનપુરના ૯૫ ગ્રામોમાં ગૌ સંરક્ષણની જન જાગૃતિ છે. વૈશ્વિક બજારવાદના ફળસ્વરૂપ વ્યવસાયિક સંગઠનોની ઘુસપેઠને કારણે આજે આપણા ગામોની આર્થિક તથા સામાજિક વ્યવસ્થા બગડી રહી છે. જ્યારે ગંદકી, અશિક્ષા, પરાવલંબન, અસ્વસ્થતા, વિખરાવ અને શહેરો તરફ પલાયનની સમસ્યા મુખ ફાડીને ઉભી છે ત્યારે જન જાગૃતિ દ્વારા ગૌ સંરક્ષણથી ગ્રામ ઉત્થાનની તાતી જરૂરિયાત ઉભી થઈ છે. આવામાં સુશિક્ષિત, સ્વાવલંબી, સહકાર ભરેલા તથા સ્વચ્છ ગ્રામના મૂળભૂત સિદ્ધાંતોને લઈ આ રથ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. રથ માટે ગાયત્રી પરિવારના સક્રિય પ્રવીણ પ્રજાપતિ, કપિલા પ્રજાપતિ તથા અન્ય પરિજનો હાજર રહ્યા હતા. સાથે જ ગુજરાત સહીત દેશભરના હજારો સાધકો દ્વારા ગૌ ગ્રામ તીર્થ રથ વિદાય આપી હતી.

સાંઈબાબા જન્મદિનની ભવ્ય ઉજવણી

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેર અને સમગ્ર જિલ્લામાં એકમાત્ર મોડાસા શહેરના માલનપુર રોડ પર આવેલા સાંઈબાબા મંદિરમાં રામનવમીના દિવસે પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. રામ બધાજ નામે ઓળખાતા હોવાથી રામ, શ્યામ, સાઈરામ તેનુ રૂપ એક જ ભાવિભક્તો માને છે. સાંઈ મંદિરે ૨૩મા પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તેમજ જન્મદિન નિમિત્તે રાજસ્થાનના ઉદેપુરથી ૧૦૧ કિગ્રા શુદ્ધ માવાની કેકની આરતી પુજાપાઠ પછી પૂંજારી દ્વારા કેક કાપી ભગવાનને પ્રસાદની ભેટ ધરી હતી. સાંઈબાબા મંદિરે સાંઈબાબાના જન્મ દિવસની ઉજવમી અને દર્શનાર્થે હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. બપોરે શોભાયાત્રા શહેરના માર્ગો પર ફેરવવામાં આવી હતી.

અસાલ ગામે કારમાંથી ૧૪૯ કિલોગ્રામ પોશડોડાનો જથ્થો ઝડપાયો : બે આરોપી ફરાર

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી નજીક આવેલી આંતર રાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ પરથી અસામાજીક તત્વો અને બુટલેગરો ગુજરાત રાજ્યમાં દારૂબંધી અને નશાબંધીનો ફાયદો ઉઠાવી વધુ નાણાં રળી લેવા ગેરકાયદેસર નશાકારક ચીજવસ્તુઓ અને વિદેશી દારૂનો જથ્થો ઘુસાડવા સતત પ્રયત્નશીલ રહે છે. ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર પદાર્થો અને ચીજવસ્તુઓ ઘુસાડવા મહત્તમ રતનપુર ચેકપોસ્ટનો ઉપયોગ કરતા હોય છે. શામળાજી પોલીસે ગુરૂવારે રાત્રીના સમયે રાજસ્થાન તરફથી આવતી ટાટા સફારી કારમાંથી ૧૪૯.૫૧૦ કિગ્રા. પોશડોડાનો કિંમત રૂ. ૮૯,૭૦૬નો જથ્થો ઝડપી પાડ્યો હતો. અપેક્ષા અનુસાર સફારી કારનો ચાલક અને અન્ય સાગરીત ફરાર થઈ જતા શામળાજી પોલીસે બન્ને આરોપીઓને ઝડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

શામળાજી પોલીસે ગુરૂવારે રાત્રે સફારી ગાડીમાંથી નશાકારક પદાર્થ પોશડોડાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. શામળાજી પોલીસે ગુરૂવારે રાત્રે રાજસ્થાન તરફથી આવી રહેલા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા શામળાજી નજીક અસાલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતી સફારી ગાડી (નં. ડીએલ.૪સી. એવી-૪૬૩૦)નો ચાલક પોલીસનું વાહન ચેકિંગમાં હોવાનું જણાતા સફારી ગાડી મુકી ફરાર થઈ જતા શામળાજી પોલીસે સફારી ગાડીની તલાશી લેતા ગાડીમાંથી ગેરકાયદેસર વગર પાસપરમીટે પ્લાસ્ટીકની કોથળીઓ નંગ-૧૨માં પોશડોડાનો કુલ વજન ૧૪૯.૫૧૦ કિ.ગ્રા. કિંમત રૂ. ૮૯,૭૦૬નો જથ્થો ઝડપી પાડી તેમજ ટાટા સફારી ગાડી કિંમત રૂ. ૫ લાખ મળી કુલ ૫,૮૯, ૭૦૬નો મુદ્દામાલ ઝડપી પાડી સફારી ગાડીનો ચાલક તેમજ તેનો અન્ય સાગરીત વિરૂદ્ધ શામળાજી પોલીસે ધી નારકોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોફીક સબસ્ટન્સીસ એક્ટ ૧૯૮૫ની કલમ ૮(સી), ૧૫(સી), ૨૨(સી) મુજબ ગુન્હો નોંધી બન્ને આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

સોનાસણ ગામે એસસ્ટ્રેટ સિરામિક કંપનીના માલિક દ્વારા એક શખ્સને માર મારતા પોલીસ ફરિયાદ

કંપનીના સાત માલિકો વિરૂદ્ધ ગુનો નોંધાયો : કંપની વિરૂદ્ધ સી.એમ. સુધી ઓનલાઈન ફરીયાદ કરાતા શખ્સને ફેક્ટરીમાં બોલાવી માર માર્યો હતો

પ્રાંતિજ, તા. ૧૫

પ્રાંતિજ તાલુકાના સોનાસણ રોડ ઉપર આવેલા એસસ્ટ્રેટ સિરામિક કંપનીના માલિકો દ્વારા કંપની વિરૂદ્ધ જુદી જુદી જગ્યાએ અરજીઓ કરનારને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં કંપનીના સાતેય માલિકો વિરૂદ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના સોનાસણ રોડ પર આવેલ એસટ્રેક સિરામિક કંપનીના માલિકો દ્વારા તા. ૨૪-૧-૨૦૧૬ના રોજ કંપની વિરૂદ્ધ અલગ-અલગ જગ્યાએ અરજીઓ કરતા અને સી.એમ. સુધી ઓનલાઈન અરજીઓ કરતા ફરીયાદી સુરેશભાઈ રામાભાઈ પટેલ રહે. દેડીયાસણ તા.જી. મહેસાણાને પોતાની સીરામીક ફેક્ટરીમાં બોલાવી અમારા વિરૂદ્ધ અરજીઓ કેમ કરી છે તેમ કહીને ફેક્ટરીના માલિકો દ્વારા ફરીયાદીને માર મારી અમારી વરિદ્ધ કરેલ બધી અરજીઓ પરત ખેંચી લે નહી તો જાનથી મારી નાખીશુ તેમ કહીને ફરીયાદીને માર મારતા ધમકી આપતા ફરીયાદી સુરેશભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફેક્ટરીના સાતેય માલિકો વિરૂદ્ધ ફરીયાદ કરવામાં આવી છે. જેમાં સંજયભાઈ ભીખાભાઈ પટેલ, રોબીનકુમાર મગનભાઈ પટેલ, દિલીપ મગનભાઈ પટેલ, સુરેશ હિરાભાઈ પટેલ, અશ્વિન રમણભાઈ પટેલ, ભુપેન્દ્ર રેવાભાઈ પટેલ, જયદીપ કાન્તિભાઈ પટેલ તમામે તમામ રહે. ઈડર તાલુકાના જવાનગઢ, લક્ષ્મીપુરા, પૃથ્વીપુરા, રેવાસ જી. સાબરકાંઠા વિરૂદ્ધ ફરીયાદ થતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ધાનેરા-થાવર વચ્ચે દારૂ ભરેલી રીક્ષામાં આગ રીક્ષા બળીને ખાક

ધાનેરા, તા. ૧૫

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા પાસે દારૂ ભરેલી રીક્ષામાં આગ ભભુકતા લોકોદ્વારા ફાયર ફાયટરને જાણ કરતા નગરપાલિકાના ફાયર ફાયટરે આવી આગ પર કાબુ મેળવ્યો હતો. તો બીજી તરફ ધાનેરા પોલીસે દારૂ સહીત રીક્ષા પર કબજો મેળવી તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લાનું ધાનેરા શહેર એ રાજસ્થાનને અડીને આવેલુ શહેર છે. માટે રાજસ્થાનથી ધાનેરામાં મોટા પાયે દારૂ ઘુસાડવાનું નેટવર્ક ચાલી રહ્યું છે. ત્યારે આજે ધાનેરા અને થાવર ગામ વચ્ચે આવેલા પેટ્રોલ પંપ પાસે રીક્ષામાં આગ લાગતા લોકોમાં અફરાતરફરીનો માહોલ જોવા મળ્યો હતો. ધાનેરા પોલીસ અને ધાનેરા નગરપાલિકાના ફાયર ફાયટરને કરતા ફાયર ફાયટરની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવતા રાહતનો શ્વાસ લીધો હતો. રીક્ષામાં આગ લગતા જાહેર માર્ગ પર પણ ટ્રાફિક જામ સર્જાયુ હતુ.

હિંમતનગરના આરટીઓ કચેરીના ઈન્સ્પેક્ટરને આરટીઆઈ હેઠળ પાંચ હજારનો દંડ

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર આરટીઓ કચેરીના મોટર વ્હીકલ ઈન્સ્પેક્ટરને આરટીઆઈ અરજી સંદર્ભે સંપુર્ણ માહિતી આપવામાં નિષ્ફળતા દાખવવા બદલ રાજ્યના મુખ્ય માહિતી કમિશ્નરે રૂ. ૫ હજારનો દંડ ફટકાર્યો છે અને દંડની રકમ નિયત સમયમર્યાદામાં જમા ન કરાવે તો દંડની રકમ વાહન વ્યવહાર કમિશ્નર દ્વારા ઈન્સ્પેક્ટરના પગારમાંથી કપાત કરીને સરકારી તિજોરીમાં જમા કરાવીને તેનો પૂર્તતા અહેવાલ તા. ૧૫ મે પહેલા આપવા આદેશ કરાયો હતો.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર હિંમતનગરના પોલોગ્રાઉન્ડમાં રહેતા ગુલામરસુલ અહેમદભાઈ હુક્કાએ વર્ષ ૨૦૧૪માં આરટીઆઈ હેઠળ હિંમતનગરની વાહન વ્યવહાર અધિકારીની કચેરીમાં માહિતીની માંગણી કરી હતી. પરંતુ અરજદારને માહિતી ન મળતા અપીલ સત્તાધિકારી સમક્ષ અપીલ કરી હતી. જેની વિવિધ સુનાવણીઓ અને નોટીસ આપવા છતાં પણ હિંતમનગર સ્થિત આરટીઓ કચેરીના માહિતી અધિકારી દ્વારા નિષ્કાળજી દાખવતા હિંમતનગરના અરજદારે રાજ્યના માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશ્નર બલવંતસિંઘ સમક્ષ અપીલ કરી હતી.

રાજ્યના મુખ્ય માહિતી કમિશ્નર બલવંતસિંઘે ગત તા. ૨૩ માર્ચ ૨૦૧૬ના રોજ હિંમતનગર આરટીઓ કચેરીના મોટર વ્હીકલ ઈન્સ્પેક્ટર જે.પી. મોદીને આરટીઆઈ અરજી સંદર્ભમાં અરજદારને સંપુર્ણ માહિતી આપવામાં નિષ્ફળતા દાખવવા બદલ માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨૦(૧) હેઠળ રૂ. ૫ હજારનો દંડ ફટકારતો આદેશ કરાયો છે. રાજ્ય કમિશ્નર દ્વારા આરટીઓ ઈન્સ્પેક્ટર જે.પી. મોદીને દંડની આ રકમ તા. ૩૦ એપ્રિલ ૨૦૧૬ પહેલા સરકારી તિજોરીમાં જમા કરાવવા અને દંડની રકમ જો સમયમર્યાદામાં જમા ન કરાવે તો વાહન વ્યવહાર કમિશ્નર દ્વારા હિંમતનગરની આરટીઓ કચેરીના ઈન્સ્પેક્ટર જે.પી. મોદીના પગારમાંથી દંડની રકમ કપાત કરીને સરકારી તિજોરીમાં જમા કરાવવા જણાવાયું છે અને કમિશ્નરને આ અંગેનો પૂર્તતા અહેવાલ તા. ૧૫મે ૨૦૧૬ પહેલા માહિતી આયોગમાં મોકલી આપવા જણાવાયું છે.

હાંસલપુર પાસે અજાણ્યા વાહનની ટક્કરથી રાહદારીનું મોત

હિંમતનગર-ઈડર હાઈવે માર્ગ પર હાંસલપુર ગામ નજીક મંગળવારે વક્તાપુરના રાહદારીને કોઈ અજાણ્યો વાહન ચાલક ટક્કર મારી ભાગી છુટતા માથામાં તેમજ શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. રાહદારીનું ગંભીર ઈજાઓને પગલે મોત નિપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પુત્રએ અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં મામલો દર્જ કરાવ્યો હતો. હિંમતનગર તાલુકાના વક્તાપુર ગામે રહેતા અલ્કેશભાઈ ચંદુભાઈ ભંગી મંગળવારે હિંમતનગર-ઈડર માર્ગ પર હાંસલપુર ગામ નજીકથી ચાલતા જઈ રહ્યા હગતા તે દરમિયાન બેફામ ગતિએ નીકળેલા કોઈ અજાણ્યા વાહનચાલકે અલ્કેશભાઈને ટક્કર મારતા તેમને માથાના ભાગે તેમજ શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. પરંતુ તેમને તાત્કાલિક સારવાર મળે તે પહેલા જ મોત નિપજ્યું હતું.

પ્રાંતિજમાં શ્રી વેરાઈ માતા મંદિરે ચૈત્રી નવરાત્રી મહોત્સવ

પ્રાંતિજ ખાતે આદ્યશક્તિ આરાધના પર્વ ચૈત્રી નવરાત્રીના સાતમા નોરતે શ્રી વેરાઈ મંદિરે નવરાત્રીનો રંગ જામ્યો હતો અને ગરબા રસિકો ગરબાના તાલે ઘુમતા નજરે પડ્યા હતા. પ્રાંતિજ આરામગૃહ નાની ભાગોળ પાસે આવેલ શ્રી વેરાઈ માતાના મંદિર ખાતે મંદિર વ્યવસ્થાપકો દ્વારા ૨૯માં નવરાત્રી મહોત્સવ યોજાઈ રહ્યો છે. ત્યારે પ્રાંતિજ વેરાઈ મંદિર વ્યવસ્થાપકો દ્વારા રંગબેરંગી લાઈટોથી મંદિર સંકુલ સહિત ચોકની સજાવટ કરવામાં આવી છે અને સાતમા નોરતાએ મ્યુઝિક ગ્રૂપ કલાકારો દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. જેમાં ગરબા રસિકોમાંના ચોકમાં મનમુકીને ગરબે ગુમ્યા હતા. જ્યારે ચૈત્રી નવરાત્રી પ્રસંગે પ્રાંતિજ તથા તાલુકામાંથી હજારો માઈ ભક્તો શ્રી વેરાઈ માતાના દર્શનાર્થે આવે છે. અને મા ના દર્શન કરી ધન્યતા અનુભવે છે. જ્યારે મંદિર વ્યવસ્થાપકો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

લક્ષ્મીપુરામાં રામનવમી નિમિત્તે સંત મેળાવડો

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે રામનવમી નિમિત્તે ૬૮માં સંત મેળાવડાનું આયોજન કરાયું હતું. જેમાં હજારોની સંખ્યામાં ભાવિકભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કોબા-ગાંધીનગરના સુરેશપ્રભુએ સંતવાણીનો લાભ આપતાં જણાવ્યુંહતુંકે, ખોટા પૈસાથી બનેલા ભોજનથી કદાપી સુખી નહી થવાય, તમો અંદર જેવા છો તેવા જ બહાર દેખાવ તો કોઈ તકલીફ નહી પડે. આ પ્રસંગે નરસિંહદાજી મહારાજ-કાંકણોલ, તુલસીદાસજી મહારાજ-વિરેશ્વર, રામજી બાવજી-ધોલવાણી અને આત્માનંદજી-કોબાએ સંતવાણીનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે રામજી મંદિરથી ભગવાનની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

લાંઘણજ ગામના ૧૦૦ શૌચાલયોના નિર્માણ માટે આઠ લાખનું દાન

મહેસાણા, તા. ૧૫

ભારત દેશમાં દાતાશ્રીઓ અને દાનનું વિશેષ મહત્વ છે. પુણ્ય કરવાના રસ્તાઓ શાસ્ત્રોએ ને ધર્મગુરુઓએ અનેક વર્ણવ્યા છે. તેમાંનું એક છે દાન. દાન એટલે બીજાને આપણું કંઈક આપી તેને સુખ આપવું તે દાન આપવાની પ્રથા તો મનુષ્યના જીવનમાં નાનપણથી અપનાવવામાં આવી છે. બાળપણથી દાનના સંસ્કાર મળતા જ હોય છે.

સમગ્ર રાષ્ટ્રમાં વિવિધ પ્રકારના દાન આપવામાં આવે છે. પરંતુ તેમાં વિશિષ્ટ અને ઉચ્ચ પ્રકારનું દાન મહેસાણા તાલુકાના લાંઘણજ ગામના રમેશભાઈ સોમનાથ રૂપદાસજીએ આપ્યું છે. આપણા મનમાં પ્રશ્ન હશે કે એવું કયું દાન જે ઉચ્ચ અને વિશિષ્ટ પ્રકારનું છે.

હા... લાંઘણજ ગામના રમેશભાઈએ સ્વચ્છ ભારત અભિયાનની પ્રેરાઈને ગામમાં શૌચાલય બનાવવા માટે શૌચાલય દીઠ આઠ હજારનું દાન આપ્યું છે. લાંઘણજ ગામમાં આ પ્રકારના એકસો શૌચાલય માટે આઠ લાખ રૂપિયાની માતબર રકમનું દાન આપી દાતાઓ માટે પ્રેરણાદાયી બન્યા છે. રમેશભાઈ તેમજ તેમના પરિવારે ગામમાં પુસ્તકાલય તેમજ વિવિધ સાર્વજનિક સંસ્થાઓમાં પણ દાન આપેલ છે.

ડીસામાં અપરિણિત યુવકના આડા સંબંધોનો કરૂણ અંત

પ્રેમ પ્રકરણમાં પ્રેમીનું મોત જ્યારે પ્રેમીકાને ગંભીર ઈજાઓ થતા સારવાર હેઠળ : મૃતકે આત્મહત્યા કરતા પહેલા 'સુઆઈડ' નોટમાં કર્યો આડા સંબંધોનો એકરાર

ડીસા, તા. ૧૪

ભદ્ર સમાજમાં આડા સંબંધોને કોઈ સન્માનનીય સ્થાન મળતું નથી તેમ છતાં પરસ્પરના આકર્ષણમાં આવા આડા સંબંધો આકાર લેતા લાંબા સમયે તેના અનેકો પારાવારિક અને અન્ય વિપરીત પરિણામો ભોગવાવનો વારો આવે છે ત્યારે આવા જ લગ્નેતર સંબંધોમાં એક ત્યકતાએ અપરણીત યુવક સાથે પ્રેમ સંબંધ બાંધ્યો હતો, જો કે તે બાદ આ યુવક પોતાની ત્રણ સંતાનોની માતા એવી ત્યક્તાને 'માલિકી હક્કે' જોતા થયેલા તકરાર એક ગંભીર ગુનો બન્યો હતો. જેમાં પ્રેમીએ આપઘાત કર્યો હતો, જ્યારે જનુની પ્રેમીના જીવલેણ હુમલામાં હાલ પ્રેમિકા જીવન અને મરણ વચ્ચે જોલા ખાઈ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ત્યારે આ મામલે ડીસા ઉત્તર પોલીસે તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠાના ડીસામાં રહેતા અને લુહાણા વાડીમાં ચોકીદાર તરીકે કામ કરતા કનુભાઈ ચમનલાલ વાલ્મીકીને ત્રણ સંતાનોની માતા એવી દેવિકા વાલ્મીકી સાથે પ્રેમ થયો હતો, છેલ્લા ૧૨ વર્ષોથી આ પ્રેમ સંબંધને કોઈ સામાજિક નામ નહોતુ મળ્યું જો કે ગત રાત્રીએ પ્રેમપ્રકરણના આ કેસમાં પ્રેમી કનુભાઈએ પ્રેમિકા દેવિકાને લુહાણા સમાજની વાડીમાં બોલાવી હતી જેમાં બન્ને વચ્ચે આ પ્રેમ સંબંધ મામલે કોઈ વાતથી તકરાર થઈ હતી. જેમાં પોતાની પ્રમિકા સાથેની થયેલ આ તકરારમાં પ્રેમિકા દેવિકાને પ્રથમ છરી જેવા તિક્ષ્ણ હથિયારોથી માર મારી પ્રેમી કનુએ પોતાનો ગુસ્સો ઉતાર્યો હતો. જો કે લોહીના ખાબોચિયામાં ફસડાઈ પડેલી પ્રેમિકા દેવિકાને મરણ ગયેલ સમજી પ્રેમી કનુએ તે બાદ જાતેજ પોતાના શરીર પર તિક્ષ્ણ હથિયારથી ઘા મારી ઈજાઓ પહોંચાડી હતી. બાદમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા આ પ્રેમ પ્રકરણનો કરૂણ અંજા આવ્યો હતો. જ્યારે ગંભીર રીતે ઘાયલ પ્રેમિકા હાલ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે જોલા ખાઈ રહી છે.

આ ગુનાની જાણ થતા ઉત્તર પોલીસે પ્રેમિકા દેવિકાબેનના પુત્રની ફરિયાદ આધારે મૃતક પ્રેમી કનુભાઈ વાલ્મીકી વિરૂદ્ધ પોતાની પ્રેમિકાના હત્યાના પ્રયાસનો ગુનો નોંધી હાલ તપાસ હાથ ધરેલ છે. જ્યારે આરોપી એવા કનુભાઈ વાલ્મિકીએ પણ જાતેજ ચપ્પાથી પોતાના શરીરે ઘા મારી બાદમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા પોલીસે તેમની વિરૂદ્ધ પણ બીજો આત્મહત્યાનો ગુનો નોંધ્યો હતો અને એફએસએલ સાથે રાખી આ મામલાની ડીસા ઉત્તર પી.આઈ. હર્ષવર્ધન રાઠોડે તપાસ હાથ ધરી છે. ડીસા ઉત્તર પોલીસ તપાસમાં મૃતક દ્વારા મરતા પહેલા લખેલી એક સુસાઈડ નોટ પણ મળી છે, જે સુસાઈડ નોટમાં આડા સંબંધોથી કેવા ભયાવહ પરિણામો અને પીડા ઉભી થાય છે તે કનુ વાલ્મિકીએ આત્મહત્યા કરતા પહેલા લખેલી સુસાઈડ નોટમાં જણાવ્યું હતું.

હિંમતનગરના પોલોગ્રાઉન્ડમાં એક ઈસમ પર ચપ્પા વડે હુમલો

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં સોમવારે રાત્રિના સમયે ઓફિસ આગળ બેસવાની બાબતમાં ઉશ્કેરાઈ ગયેલા શખ્સએ એક ઈસમ પર ચપ્પા વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. ઉપરાંત હુમલાખોરે જાનથી મારવાની ધમકી પણ આપતા કમલકુંજ સોસાયટીમાં રહેતા ઈસમે આ જ સોસાયટીમાં રહેતા શખ્સ વિરૂધ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મામલો દર્જ કરાવ્યો હતો.

હુમલાની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર શહેરના પોલોગ્રાઉન્ડ વિસ્તારની કમલકુંજ સોસાયટીમાં રહેતા સોએબભાઈ ઈસ્માઈલભાઈ મનસુરીએ સોમવારે રાત્રિના સમયે તેમની ઓફિસ આગળ બેઠેલા આદીલ રફીકભાઈ હુક્કાને અહીં કેમ બેઠા છો તેમ કહી ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો ભાંડી આદીલ હુક્કા પર ચપ્પા વડે હુમલો કરતા ઈજાઓ પહોંચી હતી. ત્યારબાદ સોએબ મનસુરીએ આદીલને જાનથી મારવાની ધમકીઓ આપતા મામલો ગરમાયો હતો.

કમલકુંજમાં રહેતા મયુદ્દીનભાઈ હાજીહુસેનભાઈ હુક્કાએ ઘટના અંગે મોડી રાત્રે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોએબ મનસુરી વિરૂધ્ધ મામલો દર્જ કરાવતા પોલીસે કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિરમાં રામજન્મોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલીત રાધાકૃષ્ણ મંદિરમાં રામનવમી નિમિત્તે રામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભગવાનની ધજાનું આરોહણ દરજી અલકાબેન ભગવાનદાસ પરિવાર તરફથી કરવામાં આવ્યુંહતું. બારના ટકોરે ભગવાનના જન્મની ઉજવણીથી સમગ્ર મંદિર પરિસર રામનામથી ગુંજી ઉઠ્યુ હતુ. રામ નવમીનો ઉત્સવ મંદિરના પૂજારી જસવંતભાઈ પંડ્યા તથા ગોપી મંડળની બહેનોએ સફળ બનાવ્યો હતો.